પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૧૪૪ ૦૨ ઓગસ્ટ, ૨૦૨૩, બુધવાર; અધિક શ્રાવણ વદ - ૧ પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# રાજકોટમાંથી અલકાયદા સાથે સંકળાયેલા ૩ની ધરપકડ

**રાજકોટમાં એટીએસનું મોટું ઓપરેશન : રાજકોટના સોની બજારમાં છેલ્લા છ મહિનાથી કારગીર બનીને રહેતાં ત્રણ શખ્સો આતંકી સંગઠન અલકાયદા સાથે સંકળાયેલા હોવાની એટીએસને બાતમી મળી હતી**

રાજકોટ, તા.૧

તાજેતરમાં જ અમદાવાદમાંથી અલકાયદા સાથે સંકળાયેલા શખ્સોને એટીએસએ ઝડપી પાડ્યા હતાં. હવે રાજકોટમાં એટીએસએ મોટું ઓપરેશન પાર પાડ્યું છે. શહેરના સોની બજારમાં કારીગર તરીકે રહેતાં અને અલકાયદા સાથે સંકળાયેલા ત્રણ શખ્સોની એટીએસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજકોટના સોની બજારમાં છેલ્લા છ મહિનાથી કારગીર બનીને રહેતાં ત્રણ શખ્સો આતંકી સંગઠન અલકાયદા સાથે સંકળાયેલા હોવાની એટીએસને બાતમી મળી હતી. જેના આધારે તપાસ કરતાં શહેરના સોની બજારમાંથી ત્રણ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. આ શખ્સો મુસ્લિમ કારીગરોને ભારત વિરૂદ્ધ ભડકાવવાનું કામ કરતા હોવાની આશંકા સેવાઈ રહી છે.

એટીએસના ગુપ્ત ઓપરેશનમાં એવું સામે આવ્યું છે કે, આ ત્રણેયને ગુજરાતમાં અલકાયદાનો પ્રચાર કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. તેઓ છેલ્લા

● અનુસંધાન પાન-૪ પર

## ચંદ્રયાન-૩ પૃથ્વીની કક્ષા છોડીને ચંદ્ર તરફ આગળ વધ્યું

**૫ ઓગસ્ટ મહત્વનો દિવસ : ઈસરોએ જણાવ્યું કે મંગળવારે ચંદ્રયાન-૩ને ટ્રાન્સલુનર ઓર્બિટમાં મૂકવામાં આવ્યું હતું, ચંદ્રયાનનું આગામી સ્ટોપ ચંદ્ર છે**

નવી દિલ્હી, તા.૧

ચંદ્રયાન-૩ સફળતાપૂર્વક પૃથ્વીની ભ્રમણકક્ષામાંથી બહાર નીકળી ગયું છે અને હવે ચંદ્ર તરફ આગળ વધી રહ્યું છે. ઈસરોએ જણાવ્યું કે મંગળવારે ચંદ્રયાન-૩ને ટ્રાન્સલુનર ઓર્બિટમાં મૂકવામાં આવ્યું હતું. ચંદ્રયાનનું આગામી સ્ટોપ હવે ચંદ્ર છે. ચંદ્રયાન-૩ સફળતાપૂર્વક પૃથ્વીની ભ્રમણકક્ષામાંથી બહાર નીકળી ગયું છે અને હવે તેનું આગલું સ્ટોપ ચંદ્ર છે. ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશનએ જણાવ્યું કે ચંદ્રયાન-૩ને મંગળવારે ટ્રાન્સલુનર ઓર્બિટમાં મૂકવામાં આવ્યું હતું. નેશનલ સ્પેસ એજન્સીએ કહ્યું કે 'ચંદ્રયાન-૩એ પૃથ્વીની આસપાસ તેની ભ્રમણકક્ષા પૂર્ણ કરી લીધી છે અને તે ચંદ્ર તરફ આગળ વધી રહ્યું છે.' ઈસરોએ જણાવ્યું કે "જીઈ ટેલિમેટ્રી, ટ્રેકિંગ અને કમાન્ડ નેટવર્ક"-જીઇછઝ સફળ પેરીજી-ફાયરિંગ કરવામાં આવ્યું છે. ઈસરોએ ચંદ્રયાન-૩ને ટ્રાન્સલ્યુનર ઓર્બિટમાં મૂક્યું છે. ચંદ્રયાનનું આગામી સ્ટોપ હવે ચંદ્ર છે. ઈસરોએ કહ્યું કે ચંદ્રયાન-૩ ચંદ્ર પર પહોંચતાની સાથે જ તેને ૫ ઓગસ્ટે ચંદ્રની ભ્રમણકક્ષામાં મૂકવાની યોજના છે. મંગળવારના ટ્રાન્સ-લુનર ઈન્જેક્શન પછી, ચંદ્રયાન-૩ પૃથ્વીની ભ્રમણકક્ષામાંથી બહાર નીકળી ગયું છે અને હવે એવા માર્ગ પર આગળ વધી રહ્યું છે જે તેને ચંદ્રની નજીક લઈ જશે."જીઈ ૨૩ ઓગસ્ટે ચંદ્રની સપાટી પર લેન્ડરને સોફ્ટ લેન્ડ કરવાનો પ્રયાસ કરશે. અગાઉ, ૧૪ જુલાઈએ ચંદ્રયાન-૩ મિશનના પ્રક્ષેપણ પછી, તેની ભ્રમણકક્ષા સતત પાંચ ગણી વધારવામાં આવી હતી.

## મહારાષ્ટ્રમાં બ્રિજના બાંધકામ સમયે ક્રેન પડતા ૧૬ લોકોના મોત

**એન.ડી.આર.એફ.ની બે ટીમો રાહત અને બચાવ કામમાં લાગેલી છે : મહારાષ્ટ્રમાં ભયંકર દુર્ઘટના : સૂત્રોનું કહેવું છે કે, ઓવરલોડ હોવાના કારણે આ દુર્ઘટના થઈ છે**

મુંબઈ, તા.૧

મહારાષ્ટ્રના થાણેના શાહપુરમાં મંગળવારે સવારે મોટી દુર્ઘટના થઈ ગઈ છે. થાણેના શાહપુ સરલામ્બે વિસ્તારમાં સમૃદ્ધિ મહામાર્ગના નિર્માણ કાર્ય દરમ્યાન બ્રિજથી ક્રેન એટલે કે ગર્ડર મશીન નીચે પડી ગયું હતું. જેમાં લગભગ ૧૬ લોકોના મોત થઈ ગયા છે અને ત્રણ લોકો ઘાયલ થયા છે. કહેવાય છે કે, ૧૦-૧૫ લોકો હજુ પણ અંદર ફસાયેલા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, લગભગ ૨૦૦ ફુટથી ક્રેન નીચે પડી હતી. જે બાદ ચારેતરફ રાડારાડ થઈ ગઈ હતી. દુર્ઘટનાનું કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી. પણ સૂત્રોનું કહેવું છે કે, ઓવરલોડ હોવાના કારણે આ દુર્ઘટના થઈ છે. દ્રઙઈહ્નની બે ટીમો રાહત અને બચાવ કામમાં લાગેલી છે. પોલીસના જણાવ્યા અનુસાર, આ વિસ્તારમાં સમૃદ્ધિ મહામાર્ગના ફેસ ૩નું કામ ઝડપથી ચાલી રહ્યું છે. પુલના થાંભલા પર બ્રિજ બનાવવા માટે ક્રેનની મદદ લેવાઈ રહી છે. બ્રિજના ગર્ડરને આ ક્રેનની મદદથી ઉપર લઈ જઈ જોડવામાં આવી રહ્યા છે. ક્રેન લગભગ ૨૦૦ ફુટની ઊંચાઈ પર હતું. ત્યારે શાહપુર વિસ્તારમાં મંગળવાર સવારે મશીન અચાનક નીચે પડ્યું. પુલ નીચે મોટી સંખ્યામાં મજૂરો કામ કરતા હતા. જેની ચપેટમાં આવી ગયા. મશીન પડવા પાછળનું અસલી કારણ સામે આવ્યું નથી. હાલમાં ચપેટમાં આવેલા લોકોને બહાર કાઢવામાં આવી રહ્યા છે. કહેવાય છે કે, હજુ પણ એક ડઝન જેટલા લોકો નીચે ફસાયેલા છે. શાહપુર પોલીસના જણાવ્યા અનુસાર દુર્ઘટનામાં ૧૬ લોકોના મોત થઈ ગયા છે, જ્યારે અન્ય ત્રણ જણાં ઘાયલ થઈ ગયા છે. સમૃદ્ધિ મહામાર્ગના બાંધકામ દરમ્યાન આ ગર્ડર મશીન નીચે પડ્યું હતું. પ્રાથમિક તપાસમાં ઓવરલોડના કારણે મશીન નીચે પડ્યું હોવાનું કહેવાય છે.

હરિદ્વાર-ગોકુળ-મથુરા-આગ્રા-જયપુર | દિ-૧૦
દ્વારકા-સોમનાથ-દિવ-સાસણ-વિરપુર | દિ-૪
કચ્છ-ભુજ-સફેદરણ-માતાનો મઢ
માંડવી-અંજારધામ-મોગલધામ | દિ-૪
ઉજ્જૈન-ઈન્દોર-ઓમકારેશ્વર-માંડવઢ | દિ-૩
જોધપુર-રણુજા-જેસલમેર-તનોટમાતા | દિ-૪
કાશ્મીર-વૈષ્ણોદેવી-જોધપુર-અમૃતસર | દિ-૧૨
શિમલા-મનાલી-ડેલહાઉસી
અમૃતસર-બિકાનેર-જોધપુર | દિ-૧૨
યમનોત્રી-ગંગોત્રી-કેદારનાથ
બદ્રીનાથ-દિલ્હી-હરિદ્વાર | દિ-૧૨
મહાબલેશ્વર-લોનાવાલા
ઈમેજીકા-માથેરાન | દિ-૫
દક્ષિણ ભારત | દિ-૨૦
રાજ ટ્રાવેલ્સ
૮, અગ્રવાલ સેન્ટર, ઈન્કમટેક્ષ, અમદાવાદ
9879823309, 9408619944




